RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 272* Date: 29.07.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં ૪૩ હજારથી વધુ પોઝિટિવ કેસ, ૬૪૦ના મોત

# સાવધાનઃ દેશમાં એક જ દિવસમાં કોરોના કેસોમાં ૧૪ હજારનો વધારો

## કેરળ માટે કાળ બન્યો, કોરોના બીજી લહેર બાદ પહેલીવાર એક દિવસમાં નોંધાયા ૨૨,૦૦૦ નવા કેસ, કોરોનાના નવા ૬૫ ટકા કેસ સાત રાજ્યોમાંથી આવ્યા, પૂર્વભારતમાં કેસોની સંખ્યામાં વધારો



*ન્યુ દિલ્હી,તા.૨૮*

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોનાના કેસોમાં ૪૭ ટકાનો વધારો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૩,૬૫૪ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૬૪૦ લોકોનાં મોત થયા છે. તેની સામે છેલ્લા ૨૪ કલાકમાં ૪૧,૬૭૮ દર્દી સાજા થયા છે. ભારતમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૩,૯૯,૪૩૬ છે. છેલ્લા ૨૪ કલાકમાં સામે આવેલા કોરોનાના નવા કેસોમાં અડધાથી વધુ કેસ માત્ર કેરળમાં છે. કેરળમાં મંગળવારે કોરોનાના ૨૨,૧૨૯ નવા કેસ સામે આવ્યા છે. જે ૨૯ મે બાદ એક દિવસમાં મળેલા સંક્રમિતોની સૌથી મોટી સંખ્યા છે.

દેશમાં રિકવરી રેટની વાત કરીએ તો તે ૯૭.૩૯ ટકા છે. અત્યાર સુધી કોરોનાથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા ૩,૦૬,૬૩,૧૪૭ થઇ ગઇ છે. વીકલી પોઝિટિવિટી રેટ ૫ ટકાની નીચે ૨.૩૬ ટકા પર છે. ડેલી પોઝિટિવિટી રેટ પણ ૫ ટકાની નીચે ૨.૫૧ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૦,૦૨,૩૫૮ વેક્સિનેશન થયું છે. અત્યાર સુધી કુલ ૪૪,૬૧,૫૬,૬૫૯ વેક્સિન અપાઇ છે.


છેલ્લા ૨૪ કલાકમાં આવેલા કેસમાં ૬૫ ટકા ઉપરના કેસ સાત રાજ્યોમાંથી જ આવ્યા છે. આ રાજ્યો છે કેરળ, મિઝોરમ, મણિપુર, આસામ, મેઘાલય, ત્રિપુરા, કેરળ અને સિક્કીમ. કેરળમમાંથી ૨૨,૧૪૯, મિઝોરમમાંથી ૧,૮૪૫ મણિપુરમાંથી ૧,૧૬૫, આસામમાંથી ૧,૪૩૬, મેઘાલયમાંથી ૭૧૦, ત્રિપુરામાંથી ૮૧૯ અને સિક્કીમમાંથી ૪૪૦ નવા કેસ આવ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, દેશમાં ૪૪.૫૮ કરોડથી વધુ વેક્સિન ડોઝ અપાયા છે. મંગળવારે ૩૬.૮૭ લાખ ડોઝ આપવામાં આવ્યા. ૧૮-૪૪ વયના લોકોને ૧૭,૭૧,૫૪૧ લોકોને પ્રથમ ડોઝ અને ૨,૬૯,૪૨૧ લોકોને બન્ને ડોઝ અપાયા છે. જ્યારે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૧૮-૪૪ વયના કુલ ૧૪,૪૩,૦૮,૫૭૧ લોકોને પ્રથમ ડોઝ અને ૬૮,૭૨,૭૭૯ લોકોને બીજો ડોઝ મળી ચૂક્યો છે.

કેરળમાં મંગળવારે કોવિડ-૧૯ના ૨૨,૧૨૯ નવા કેસ સામે આવ્યા હતા અને આ સાથે જ રાજ્યમાં સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૩૩,૦૫,૨૪૫ થઈ ગઈ છે. સાથે જ તપાસ સંક્રમણ દર (ટીપીઆર) ફરી ૧૨ ટકાને પાર કરી ગયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૬ દર્દીઓના મૃત્યુ બાદ મૃતકોની સંખ્યા વધીને ૧૬,૩૨૬ થઈ ગઈ છે. મંગળવારે ૧૩,૧૪૫ દર્દીઓ સંક્રમણ મુક્ત થયા હતા અને ત્યાર બાદ રાજ્યમાં કુલ સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા વધીને ૩૧,૪૩,૦૪૩ થઈ ગઈ છે. રાજ્યમાં ૧,૪૫,૩૭૧ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

મંગળવારે આરોગ્ય મંત્રાલયની પત્રકાર પરિષદમાં નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલે કહ્યું હતું કે, કોરોનાની બીજી લહેર હજુ ખતમ થઈ નથી. કેટલાક ક્ષેત્ર ચિંતાના વિષય બનેલા છે. વેક્સિનેશન સંક્રમણને ઓછુ જરૂર કરશે, પરંતુ સંક્રમણ ન થાય તેની ગેરંટી નથી. તેમણે કહ્યું કે એવી કોઈ વેક્સિન નથી જે દાવા કરી શકે કે ૧૦૦ ટકા સંક્રમણ થશે નહીં. તેનાથી બીમારીની ગંભીરતા અને મોતને રોકી શકાય છે.

## અમેરિકામાં કોરોના બોમ્બ ફૂટ્યોઃ ડેલ્ટા વેરિયન્ટને કારણે ૨૪ કલાકમાં ૬૧ હજારથી વધુ કેસ નોંધાયા



વોશિંગ્ટન,તા.૨૮

અમેરિકામાં એક જ દિવસમાં કોરોના કેસોના ૬૧ હજારથી વધારે કેસ સામે આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે લોકોને ફરી માસ્ક પહેરવાની અપીલ કરી છે.

દુનિયામાં કોરોનાના કેસોમાં ફરી એકવાર વધારો થઇ રહ્યો છે. દુનિયાભરમાં મંગળવારે ૫ લાખ ૭૭ હજાર ૩૪૮ લોકોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. એ દરમિયાન ૪ લાખ ૪૬ હજાર ૫૦૭ દર્દી કોરોનાથી સાજા થયા છે. ૯૪૬૦ દર્દીનાં કોરોનાને કારણે મોત થયાં છે.

અમેરિકામાં કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થઇ રહ્યો છે અને હાઈ રિસ્કના વિસ્તારોમાં વેક્સિનના બંને ડોઝ લગાવી ચૂકેલા લોકોને પણ માસ્ક પહેરવું ફરજિયાત કરાયું છે. ડેલ્ટા વેરિયન્ટના લીધે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સેન્ટર ફૉર ડિસીઝ કંટ્રોલ પ્રિવેન્શનના ડાયરેક્ટર રોશેલ વેલેંસ્કીએ પ્રેસ-કૉન્ફરન્સ કરીને માસ્ક પર લીધેલા નિર્ણય વિશે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વેક્સિન અસરકારક છે, પરંતુ કોરોનાના ડેલ્ટા વેરિયન્ટના ખતરાને જોતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### મોદી કેબિનેટે DICGC એક્ટમાં ફેરફારને મંજૂરી આપી

## બેન્ક બંધ થાય કે ડૂબી જાય તો ગ્રાહકને ૫ લાખ રૂ.૯૦ દિવસમાં મળશે

*ન્યુ દિલ્હી,તા.૨૮*

કેન્દ્રીય કેબિનેટે ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન એક્ટ (DICGC) સુધારા બિલને મંજૂરી આપી દીધી છે. બિલ મંજૂર થયા બાદ બેંક બંધ થાય કે ડૂબી જાય તો ગ્રાહકોની ૫ લાખ રૂપિયા સુધીની રકમ સુરક્ષિત રહેશે. ડિપોઝિટરોને આ રકમ ૯૦ દિવસની અંદર મળશે. હાલ ગ્રાહકોની બેંકમાં જમા થયેલા એક લાખ રૂપિયા સુધી જ સુરક્ષિત હોય છે.

જોકે સરકારે ૨૦૨૦માં જ ડિપોઝિટ વીમાની મર્યાદામાં ૫ ગણો વધારો કરવાની જાહેરાત કરી હતી, પરંતુ તેને કેબિનેટની મંજૂરી મળી ગઈ છે. તેને સંસદ દ્વારા મંજૂરી આપવાની બાકી છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામણે કહ્યું છે કે આ ખરડો સંસદના ચોમાસુ સત્રમાં જ રજૂ કરવામાં આવશે.

પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ (PMC) બેંક ૨૦૨૦માં ડૂબ્યા પછી ડિપોઝિટ ઈન્શ્યોરન્સ વધારવાનો નિર્ણય લેવાયો હતો. કેન્દ્રીય બજેટમાં પણ નાણા મંત્રી નિર્મલા સીતારમણે ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોરપોરેશન (DICGC) એક્ટ, ૧૯૬૧માં સંશોધન કરવાની જાહેરાત કરી હતી. પરંતુ કોરોનાની બીજી લહેરના કારણે બજેટ સત્ર સ્થગિત કરી દેવાયું હતું.

સરકારે ડિપોઝિટ ઈન્શ્યોરન્સમાં ૧૯૯૩ પછી ૨૭ વર્ષમાં પ્રથમવાર ફેરફાર કર્યો છે. વર્તમાન નિર્ણય ૪ ફેબ્રુઆરી ૨૦૨૦થી લાગુ ગણાશે. એટલે કે PMC, લક્ષ્મી વિલાસ બેંક અને યસ બેંકના ગ્રાહકોને તેનો લાભ થશે. DICGC એક્ટ ૧૯૬૧ ની કલમ ૧૬ (૧) મુજબ જો કોઈ બેંક ડૂબે કે દેવાળું કાઢે તો DICGC દરેક થાપણદારના પેમેન્ટ માટે જવાબદાર હોય છે. પહેલા આ જમા રકમ પર ૧ લાખ રૂપિયાનો વિમો હતો હવે તેને વધારીને ૫ લાખ કરી દેવાયો છે.

ડિપોઝિટ ઈંશ્યોરન્સ અંતર્ગત, ગ્રાહકનાં કુલ ૫ લાખ રૂપિયા સુરક્ષિત રહેશે. જો ગ્રાહકનું એક જ બેંકની વિવિધ શાખામાં અકાઉન્ટ હશે તો તમામ અકાઉન્ટમાં ડિપોઝિટ અમાઉન્ટ અને વ્યાજ જોડીને ૫ લાખ રૂપિયા સુધીની રકમ જ સુરક્ષિત ગણવામાં આવશે. જેમાં મૂડી અને વ્યાજ બંને સામેલ હશે.

બેંકની તમામ ડિપોઝિટ DICGCના કાર્યક્ષેત્રમાં આવે છે, જેમાં સેવિંગ્સ, ફિક્સ્ડ ડિપોઝિટ સહિતના કરન્ટ અકાઉન્ટનો સમાવેશ થાય છે. કોઈપણ બેંકની નોંધણી કરતી વખતે DICGC તેમને મુદ્રિત ફોર્મ આપે છે. પત્રિકામાં ડિપોઝિટ કરનારને ઉપલબ્ધ વીમાની વિગતો સામેલ છે. આ વિગતો જાણવા માટે, ડિપોઝિટ કરનાર, બેંકના શાખા અધિકારી સાથે પૂછપરછ કરી શકે છે.

બાંયધરી રકમ વધારવા પર, લોકોને તે રકમ બરાબર પૈસા જમા કરાવવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં, જેનાથી બેંકિંગ સિસ્ટમમાં લોકોનો વિશ્વાસ પણ વધશે. પરિણામે વધુ બચત થતા બેંક વધારે ધિરાણ આપી શકશે.

## પોર્નોગ્રાફી કેસઃ રાજ કુંદ્રાને ઝટકો, કોર્ટે જામીન અરજી નામંજૂર કરી

મુંબઈ,તા.૨૮

અશ્લીલ ફિલ્મના કેસમાં રાજ કુંદ્રાની જામીન અરજી પર આજે એટલે કે ૨૮ જુલાઈના રોજ સુનાવણી થવાની હતી. કોર્ટે ગઈકાલે એટલે કે મંગળવારે થયેલી સુનાવણીમાં રાજ કુંદ્રાને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યો હતો હતો. મંગળવારે બોમ્બે હાઈકોર્ટે કુંદ્રાને તાત્કાલિક રાહત આપી ન હતી. અશ્લીલ ફિલ્મોના નિર્માણ અને કેટલીક એપ્સ દ્વારા તેને અપલોડ કરવાના કેસમાં ૧૯ જુલાઈએ કુંદ્રાની ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે ધરપકડ કરાયેલા રાજ કુંદ્રા અને રાયન થોર્પેએ જામીન અરજી કરી હતી જેની સુનાવણી આજે એસ્પ્લેનેડ કોર્ટમાં થઇ.

કુંદ્રાની જામીનની અરજી પર કોર્ટે આજે સુનાવણીમાં રાજ કુંદ્રાને મોટો ફટકો આપ્યો છે. અશ્લીલતા મામલે મુંબઈની કિલા કોર્ટે રાજ કુંદ્રા અને રાયન થોર્પની જામીન અરજી નામંજૂર કરી છે.

આ પૂર્વે ૨૭ જુલાઈની સુનાવણીમાં ક્રાઇમ બ્રાંચે કોર્ટને જણાવ્યું છે કે રાજના ઘરમાંથી ઘણા મહત્વના પુરાવા મળી આવ્યા છે. ઘણા ઈલેક્ટ્રોનિક પુરાવા જપ્ત કરવામાં આવ્યા છે. આ સંદર્ભે ફોરેન્સિક નિષ્ણાતની નિમણૂક કરવામાં આવી હતી. જેની મદદથી ડેટા પાછો મળી રહ્યો છે. રાજના ઘરેથી હાર્ડડિસ્ક અને મોબાઈલ મળી આવ્યો છે. જ્યારે આરોપીઓના હોટશોટ્સ આઈઓએસ પર બતાવવામાં આવી રહ્યા હતા ત્યારે તેમને એપલથી ૧ કરોડ ૧૩ લાખ ૬૪,૮૮૬ રૂપિયા મળ્યા હતા.જે બેંક ખાતામાં પૈસા જમા કરાયા હતા તે કોટક મહિન્દ્રા બેંક, યસ બેંક અને અન્ય બેંક પાસેથી જપ્ત કરવામાં આવ્યા છે. હવે કેટલાક ફરાર આરોપીઓની શોધ ચાલુ છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૮**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૮૦૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૩૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૪૫૨**

## સદનમાં સંપત્તિઓને નુકસાન પહોંચાડવું અભિવ્યકિતની સ્વતંત્રતા નથીઃ સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૨૮




સુપ્રીમ કોર્ટે કેરળ રાજ્ય વિધાનસભામાં વર્ષ ૨૦૧૫માં કથિત બર્બરતા માટે પ્રમુખ ભાકપા નેતાઓ સામે મામલાને પરત લેવાની અરજી બુધવારે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૫ની કેરળ વિધાનસભા હંગામા મામલામાં આરોપી ભાકપાના ૬ સભ્યો સામે ફોજદારી કેસ પરત ન લઈ શકાય. કેરળ રાજ્ય અને આરોપી દ્વારા દાખલ વિશેષ મંજૂરી અરજીઓને ફગાવતા જસ્ટિસ ડી. વાય. ચંદ્રચુડ અને એમ. આર. શાહની બેન્ચે હાઈકોર્ટના નિર્ણય (જેમણે રાજ્ય દ્વારા સીઆરપીસીની ધારા ૩૨૧ અંતર્ગત ફરિયાદી દ્વારા દાખલ આવેદનને ફગાવવાના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટના આદેશને મંજૂરી આપી દીધી હતી)ને સમજમાં રાખ્યો.

જસ્ટિસ ચંદ્રચુડે નિર્ણયના કેટલાક ભાગને વાંચતા કહ્યું હતું કે, વિશેષાધિકાર અને પ્રતિરક્ષા ફોજદારી કાયદાથી છૂટનો દાવો કરવાનો પ્રવેશદ્વાર નથી અને આ નાગરિકોની સાથે વિશ્વાસઘાત હશે. કહ્યું હતું કે, અરજી અનુચ્છેદ-૧૯૪ની ખોટી ધારણાના આધારે દાખલ કરવામાં આવી હતી.

બેન્ચે નિર્ણય સંભળાવતા સમયે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી પણ કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, વિધાનસભામાં સંપત્તિના નુકસાનને ગૃહમાં બોલવાની સ્વતંત્રતાની બરાબરી ન કરી શકાય.

### કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રૉયનું નિવેદન

## સ્થિતિ સામાન્ય થશે ત્યારે જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાશે

*ન્યુ દિલ્હી,તા.૨૮*

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે બુધવારે રાજ્યસભામાં કહ્યું કે, સામાન્ય સ્થિતિ જળવાશે ત્યારે જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામા આવશે. રાયે આ વાત શિવસેના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીના સવાલમાં જવાબમાં કહી હતી.

પ્રિયંકા ચતુર્વેદીએ પુછ્યું હતું કે, ભવિષ્યમાં જમ્મુ-કાશ્મીર રાજ્યને દરજ્જા માટે કેન્દ્ર પાસે શું પ્રસ્તાવ છે. જણાવી દઈએ કે, ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ના અંત બાદ જમ્મુ-કાશ્મીર રાજ્ય પાસેથી દરજ્જો છીનવી લેવામાં આવ્યો હતો. પૂર્વવર્તી રાજ્યને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ એમ બે કેન્દ્ર શાસિત પ્રદેશો બનાવવામાં આવ્યા હતા. સાંસદ ચતુર્વેદીએ એમ પણ પુછ્યું કે શું સરકાર રાજ્યમાં સંચાર માધ્યમો પર એક વર્ષથી વધારે સમયથી લાગુ પ્રતિબંધો હટાવવાનો પ્રયાસ કરી રહી છે.

કેન્દ્રીય મંત્રી રાયે અન્ય એક સવાલના જવાબમાં રાજ્યસભાને એમ પણ જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદથી સંબંધિત ઘટનાઓ ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૦માં ૫૯ ટકા ઘટી છે. અને જૂન ૨૦૨૧ સુધી તેમાં ૩૨ ટકાનો ઘટાડો આવ્યો છે. રાજ્યસભામાં આપેલ લેખિત જવાબમાં રાયે જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં દુકાનો તેમજ વ્યવસાયિક સંસ્થા, સરકારી ઓફિસ, શિક્ષા સંસ્થા, લોક પરિવહન સામાન્ય રીતે ચાલી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીએ એમ પણ કહ્યું કે, કેન્દ્ર સરકાર આતંકવાદની સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહી છે. આ માટે સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી રહી છે. આતંકી સંગઠનોથી નિપટવા માટે ઘેરાબંધી તેમજ તલાશી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# ઋતુકાળ બદલાવ રોકવા વિશ્વના દેશો ઠોસ કદમ ક્યારે ઉઠાવશે.....?

*વિશ્વભરમાં મોસમનું કદી પણ નહી જોયેલું રૂપ જોવા મળી રહ્યું છે. જર્મની અને ચીનમાં ભારે પૂર, કેનેડામાં અસહ્ય ગરમી અને ઉત્તર અમેરિકાના જંગલોમાં આગ.ભારત, પાકિસ્તાન જેવા દેશોમાં પ્રલયકારી અતિવૃષ્ટી તથા પૂર, તો કેટલાક ભાગોમાં નહીંવત વરસાદ કે વરસાદ વગરના કોરાધાકોર. લોકો મોસમના આવા બદલાવને કારણે હતપ્રભ થઇ ગયા છે... તે સાથે એવા સવાલો ઉઠયા છે કે મોસમના (ઋતુકાળના) આ બદલાવ પાછળ જળવાયુ પરિવર્તન કેટલું જવાબદાર છે....? વિશ્વભરમાં મોસમના આકરા ફેરફારો અંગે ગ્લોબલ વોર્મિંગ જવાબદાર છે. વૈજ્ઞાનિકોની શોધ અનુસાર ઋતુકાળમાં જોયેલા બદલાવો માટેના વધારે કારણોમાં માનવજાતની ગતિવિધિઓને કારણે જળ-વાયુમા આવેલા ફેરફારો છે. અચાનક ફરી વળેલ આકરી ગરમીવાળા ઋતુકાળને માટે ગ્લોબલ વોર્મિંગ વધુ પ્રમાણમાં જવાબદાર છે. જેને સમજવા ફિજીક્સ અને કોમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવે છે. ગરમ હવાઓ વધવાનું કારણ ગ્લોબલ વોર્મિંગ છે. સમુદ્રી કિનારા વિસ્તારોમાં પૂર અને ગરમીને કારણે બરફ ઓગળે છે અને દરિયાના જળ સ્તર વધે છે જેના કારણે દરિયા કિનારાના વિસ્તારોમાં પૂર અને વાવાઝોડા ત્રાટકવાનો ખતરો રહે છે. જ્યારે કે દુષ્કાળ પડવઘવો કે નહીવત વરસાદનુ કારણ ગરમ હવા અને ગરમ હવા વિવિધ જળ સ્ત્રોતો, પાક, જંગલોમાના વધુ પાણીની વરાળ બનાવી ઉડાવી દે છે, જે દુષ્કાળ-અર્ધ દુષ્કાળની સ્થિતિ બનાવે છે. તેમજ જંગલમાં લાગતી આગને કારણે અનેક છોડવાઓ, નાના વૃક્ષો સુકાઈ જાય છે અને આમાં એક જ ચીનગારી આગનું કારણ બની જાય છે. ગરમ હવાને કારણે પેદા થયેલ વરાળ કે ભેજ એક સ્થળેથી બીજા સ્થળે પહોંચે છે ત્યારે અચાનક ભારે વરસાદની સ્થિતિ બની જાય છે. વધુ ઠંડી પડવાના કારણો માટે સંશોધન કરતા વૈજ્ઞાનિક સંશોધનોમાં કેટલાક અલગ-અલગ કારણો સામે આવ્યા છે. જો કે આમાં ગ્લોબલ વોર્મિંગ ની ભૂમિકા સ્પષ્ટ થતી નથી.સમુદ્રના ગરમ પાણી થતા વાવાઝોડાને તાકાત મળે છે તેથી વિનાશક બને છે.... જોકે ગ્લોબલ વોર્મિંગ વાવાઝોડાને કેટલા ઘાતક બનાવે છે સ્પષ્ટ થતું નથી.... જોકે કેટલોક અભ્યાસ કહે છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે હવામા ફેરફાર તોફાનોની ગંભીરતાને આછી કરે છે....!*

*અમેરિકાની કોલોરેડો સ્ટેટ યુનિવર્સિટીના એટમાસ્ફેટિક પ્રોફેસર ગ્લોબલ વોર્મિંગ સહિત ઋતુ બદલાવ બાબતે કેટલાયે સંશોધનો કર્યા છે. તેમના અભ્યાસમા બહાર આવ્યું છે કે માનવજાતે કુદરતી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ તેમજ ગ્રીન હાઉસોએ ગેસોનું સ્તર એટલી હદે વધારી દીધું છે કે કુદરતી સંપદાઓમા ઘણું બધું સામાન્ય સ્તરથી ખસી ગયું છે એટલે કે ફેરફારો થઈ ગયા છે. જો કે મોસમોમાં થઈ રહેલા અનદેખા ફેરફારોમા ગ્લોબલ વોર્મિંગની અસરો પ્રમાણિત થતી નથી. આ બધું છતા એ બાબત સ્પષ્ટ છે કે મોસમોના ફેરફાર માટે માનવજાત ઓછી જવાબદાર નથી..... જેટલા વધુ કોલસા, પેટ્રોલિયમ અને ગેસનો ઉપયોગ થશે તેટલી ધરતી વધુ ગરમ થતી જશે અને લોકોને એવી ગરમીનો સામનો કરવો પડશે કે જેની કલ્પના પણ નહીં કરી હોય. ઋતુકાળના નહી જોયેલા ફેરફારના સમયમા કરેલી બચાવ વ્યવસ્થાઓ કે ઉપાય જ્યાંના ત્યા રહી જશે. એટલા માટે જરૂરી છે કે વિપત્તિઓને પહોંચી વળવા સાથે આવનાર વિપદાઓને રોકવા માટેના પ્રયાસો હાથ ધરવા જોઈએ તેવી ચેતવણી પણ માનવજાતને આપી છે..... ત્યારે સવાલ એ છે કે વિકાસની આંધળી દોડમાં વિશ્વના દેશો આ બાબત સમજીને માનવ હિત માટે કુદરતી સંપદાઓ સંપદાઓની સુરક્ષા કરવા તથા તે વધારવા ઠોસ પગલાઓ ઉઠાવશે કે કેમ.....?*

# ઉ.પ્રદેશના બારાબંકી ખાતે ટ્રકે બસને ટક્કર મારતા જીવલેણ અકસ્માતઃ ૧૮ના મોત

બારાબંકી,તા.૨૮


ઉત્તર પ્રદેશના બારાબંકી ખાતે ભારે મોટો રોડ અકસ્માત નોંધાયો છે. એક ટ્રકે બસને પાછળથી ટક્કર મારી દીધી હતી અને અથડામણ એટલી જોરદાર હતી કે રસ્તા પર મૃતદેહો ફેલાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ૧૮ લોકો માર્યા ગયા હોવાની પુષ્ટિ કરવામાં આવી છે અને એક ડઝન કરતા પણ વધારે લોકોને ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

બારાબંકીના રામસનેહી ઘાટ પાસે અયોધ્યા-લખનૌ હાઈવે પર અડધી રાતે આ દુર્ઘટના થઈ હતી. જાણવા મળ્યા મુજબ બસ હરિયાણાના પલવલથી બિહાર જઈ રહી હતી. બસમાં મજૂરો સવાર હતા જે બિહાર પાછા ફરી રહ્યા હતા.

બસમાં આશરે ૧૪૦ મુસાફરો સવાર હતા અને તે પૈકીના ૧૮નું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. ઘાયલોના કહેવા પ્રમાણે તે સૌ પંજાબ અને હરિયાણામાં મજૂરી કરતા હતા અને બિહાર પોતાના ઘરે પાછા ફરી રહ્યા હતા.

બારાબંકીના એસપી યમુના પ્રસાદે ઘટનાની વિગતો આપતા જણાવ્યું કે, બસનો એક્સલ તૂટવાના કારણે તે થાણા રામસનેહીઘાટના ઢાબા પાસે ઉભી રહી હતી. તે સમયે રાતે પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રકે પાછળથી ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં ૧૮ લોકોના મોત થયા છે અને ૨ ડઝન કરતા પણ વધારે લોકોને ઈજાઓ પહોંચી છે.

# કર્ણાટકના નવા મુખ્યપ્રધાન તરીકે બસવરાજ બોમ્મઈએ શપથ લીધા



બેંગ્લુરુ,તા.૨૮

બસવરાજ બોમ્મઈ કર્ણાટકના નવા સીએમ બન્યા છે. રાજભવનમાં રાજ્યપાલ થાવરચંદ ગહેલોતે બોમ્મઈને પદના શપથ અપાવ્યા. આ પહેલા સોમવારના ધારાસભ્ય દળની બેઠકમાં રાજીનામું આપનારા પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પાએ જ મંગળવાના બોમ્મઈના નામનો પ્રસ્તાવ આપ્યો હતો. આને સર્વસંમતિથી પાસ કરી દેવામાં આવ્યો. ૨૮ જાન્યુઆરી ૧૯૬૦ના જન્મેલા બસવરાજ સોમપ્પા બોમ્મઈ મુખ્યમંત્રીની ખુરશી સંભાળવાથી પહેલા કર્ણાટકના ગૃહ, કાયદા, સંસદીય મામલાના મંત્રી પણ હતા.

તેમના પિતા એસ.આર. બોમ્મઈ પણ રાજ્યના મુખ્યમંત્રી રહી ચુક્યા છે. મિકેનિકલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએટ બસવરાજે જનતા દળની સાથે રાજનીતિની શરૂઆત કરી હતી. તેઓ ધારવાડથી ૨ વાર ૧૯૯૮ અને ૨૦૦૪માં કર્ણાટક વિધાન પરિષદ માટે ચૂંટાયા. ત્યારબાદ તેઓ જનતા દળ છોડીને ૨૦૦૮માં ભાજપમાં સામેલ થયા. આ જ વર્ષે તેઓ હાવેરી જિલ્લાના શિગગાંમથી ધારાસભ્ય ચૂંટાયા. એન્જિનિયર અને ખેતીથી જોડાયેલા હોવાના કારણે બસવરાજ કર્ણાટકના સિંચાઈ મામલાના જાણકાર મનાય છે.

રાજ્યમાં અનેક સિંચાઈ પ્રોજેક્ટ શરૂ કરવાના કારણે તેમની પ્રશંસા થાય છે. તેમને તેમના વિધાનસભા ક્ષેત્રમાં ભારતની પહેલી ૧૦૦ ટકા પાઈપ સિંચાઈ યોજના લાગુ કરવાનો શ્રેય પણ આપવામાં આવે છે. કર્ણાટકના ગૃહમંત્રી બસવરાજ બોમ્મઈ યેદિયુરપ્પાના માનીતા અને તેમના શિષ્ય છે. સૂત્રોનું માનીએ તો યેદિયુરપ્પાએ રાજીનામું આપતા પહેલા જ બોમ્મઈનું નામ ભાજપ હાઈકમાન્ડને આપ્યું હતું. લિંગાયત સમુદાયના મઠાધીશોની સાથે બેઠકમાં યેદિયુરપ્પાએ પોતાના તરફથી આ નામ સૌની સામે રાખ્યું હતું.

### ખાનગી લેબમાં આરટી-પીસીઆર ટેસ્ટ ૪૦૦ રુ.માં થશે

# સંભવિત ત્રીજી લહેર પહેલાં રાજ્યમાં કોરોના ટેસ્ટિંગના દરોમાં મોટો ઘટાડો

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતની રૂપાણી સરકારે કોરોના માટેના આરટી-પીસીઆર ટેસ્ટના ભવામાં ઘટાડો કર્યો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે પત્રકાર પરીષદમાં જાહેરાત કરી હતી કે, હવે ખાનગી લેબમાં આરટી-પીસીઆરટ ટેસ્ટ ૪૦૦ રૂપિયામાં થશે. અગાઉ ખાનગી લેબમાં ૭૦૦ રૂપિયા ટેસ્ટ માટેના લેવાતા હતા. દર્દીના ઘરે જઈને ટેસ્ટના ભાવમાં પણ ઘટાડો કરાયો છે. દર્દીના ઘરે આરટી-પીસીઆર ટેસ્ટ માટે ૫૫૦ રૂપિયા લેવામાં આવશે. જ્યારે સરકારી હોસ્પિટલોમાં કોરોનાના મફતમાં ટેસ્ટ કરવામાં આવે છે.

સરકારી કર્મચારીઓના અટકાયેલ મોંઘવારી ભથ્થા સંદર્ભે ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે નિવેદન આપ્યું જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે જે જાહેરાત કરાઈ છે તેના સવાયા લાભ સાથે રાજ્ય સરકાર કર્મચારીઓ માટે ટૂંક સમય મોંઘવારી ભથ્થાની જાહેરાત કરાશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નિવેદન આપ્યું હતું કે, હાલ સમગ્ર રાજ્યમા કોરોનાની સ્થિતિ સારી છે. કેસો સતત ઘટી રહ્યા છે. અનેક ક્ષેત્રોમાં છૂટછાટ આપવામાં આવી રહી છે. વેક્સીનેશનનું કામ પણ પુર જોશમાં ચાલી રહ્યું છે. આગામી રવિવારે જેમને બીજો ડોઝ બાકી છે તેવા જ વ્યક્તિઓ માટે સ્પેશ્યલ કેમ્પ કરવામાં આવશે. આ રવિવારે બીજા ડોઝ માટે વેક્સીનેશનની કામગીરી ચાલશે.

તેમણે જણાવ્યું હતુ કે, કોર ગ્રુપ મીટીંગમાં ત્રીજી લહેરની સમીક્ષા માટે સતત આયોજન કરી રહ્યા છીએ. દુનિયા અને ભારતના કેટલાક રાજ્યમાં કોરોના કેસો આવી રહ્યા છે. ગુજરાતમાં જરૂરિયાત ઉભી થાય તો તેનું આયોજન કરાઈ રહ્યું છે.૧ કરોડ ૬૧ લાખ આરટી-પીસીઆર ટેસ્ક કર્યા છે. ૯૧ લાખ જેટલા રેપીડ ટેસ્ટ રાજ્ય સરકારે અત્યાર સુધી કર્યા છે. ખાનગી લેબ મા આરટી-પીસીઆર ટેસ્ટ હવે ૪૦૦ રૂપિયામાં જ ટેસ્ટ કરશે. ૩૦૦ રૂપિયા નો રાજ્ય સરકારે ઘટાડો કર્યો છે. ખાનગી લેબ ઘરે જઇ મેં ટેસ્ટ કરે તો અત્યાર સુધી ૯૦૦ રૂપિયા દર હતો જેમા ૩૫૦ ઘટાડો કર્યા જેથી હવે ૫૫૦ જ ચાર્જ લઈ શકશે.

તેમણે ઉમેર્યું હતુ કે, એરપોર્ટ પર અત્યાર સુધી ૪૦૦૦ હતો જેમા ૧૩૦૦ નો ઘટાડો કરી ને ૨૭૦૦ ચાર્જ લઇ શકશે. એચઆરટીસીમા હજાર દર હતો જેમા ૫૦૦ નો ઘટાડો કરીને ૨૫૦૦ નો દર રહેશે. સીટી સ્કેન મશીનોની રાજ્યમાં વધતી જતી જરૂરિયાતની માંગણીને લઈને વેવ ૩ માટે અમે આયોજન કર્યું છે. જિલ્લા કક્ષાની હોસ્પિયલ માટે નવા ૧૭ સીટી સ્કેન મશીનો ખરીદવામાં આવશે. રાજ્યની મેડિકલ કોલેજ અને જિલ્લા હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન વસાવવા માટે ૮૨.૫૦ કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવશે. સોલા ગાંધીનગર ગોત્રી ૩ મેડિકલ કોલેજમાં એમઆરઆઇ મશીન ખરીદવા માટેની મજૂરી સરકારે આપી છે. ૧૧૨ કરોડ રૂપિયા ના અલગ અલગ હોસ્પિટલના મશીનો ખરીદવા રાજ્ય સરકાર મજૂરી આપી છે.સરકારી કર્મચારીઓના અટકાયેલ મોંઘવારી ભથ્થા સંદર્ભે નીતિન પટેલે નિવેદન આપ્યું હતું કે, કેન્દ્ર સરકારે જે જાહેરાત કરાઈ છે તેના સવાયા લાભ સાથે રાજ્ય સરકાર કમરચારીઓ માટે ટુક સમય મોંઘવારી ભથ્થાની જાહેરાત કરશે.

આગામી ૭ ઓગસ્ટના રોજ સરકારને ૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. જેના સંદર્ભે રાજ્ય સરકાર ૯ દિવસ અલગ અલગ કાર્યક્રમો કરી રહી છે. જેના માટે પ્રધાનમંત્રી અને ગૃહ મંત્રીને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા રાજ્ય સરકારે આમંત્રણ આપવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને આમંત્રણ આપ્યું છે. લગભગ પીએમ અને ગૃહ મંત્રી ૯ દિવસો પૈકી કોઈ એક દિવસ માટે સમય ફાળવશે અને વર્ચ્યુલી આ કાર્યક્રમમાં જોડાશે.

## દેશમાં ઇમરજન્સી કરતા પણ ખરાબ હાલતઃ મમતા બેનર્જી

ન્યુ દિલ્હી,તા.૨૮

દિલ્હીની પાંચ દિવસની મુલાકાતે આવેલા મમતા બેનરજીએ જણાવ્યું કે મારો ફોન હેક કરવામાં આવ્યો, અભિષેક અને પીકેનો પણ ફોન હેક કરવામાં આવ્યો. દેશમાં હવે અભિવ્યક્તિની આઝાદી જેવું કંઈ રહ્યું નથી.

બેનરજીએ કહ્યું કે પેગાસસ એક ખતરનાક વાયરસ છે જેના દ્વારા અમારી સુરક્ષાને ખતરામાં નાખવામાં આવી રહી છે. સંસદમાં પણ કામ થઈ રહ્યું નથી. વિપક્ષના અવાજ દબાવાઈ રહ્યો છે. હાલમાં દેશમાં ઈમરજન્સી કરતા પણ વધારે ગંભીર હાલત છે.

# પેટ્રોલ-ડિઝલ પર કેન્દ્ર દ્વારા લાગતા ટેક્સમાં કોઇ વૃદ્ધિ નથી થઇઃ પેટ્રોલિયમ મંત્રી

ન્યુ દિલ્હી,તા.૨૮

મોદી સરકારની નવી કેબિનેટમાં હરદીપ સિંહ પૂરીને પેટ્રોલિયમ મંત્રાલય આપવામાં આવ્યું છે. આજથી મોટા ભાગના બધા જ મંત્રીઓએ તેમને સોંપવામાં આવેલ મંત્રાલયોનો કાર્યભાર સંભાળ્યો છે. તેમના પહેલા આ મંત્રાલયની જવાબદારી ધર્મેન્દ્ર પ્રધાન પાસે હતી. હાલ સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ એક નવા જ રેકોર્ડ બનાવી રહી છે. જેના કારણે દેશ ભરમાં તેનો વિરોધ થઈ રહ્યો છે. પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતને લઈ વિપક્ષે કરેલ પ્રહારને લઈ સરકારે આજે કહ્યું કે છેલ્લા એક વર્ષમાં પેટ્રોલ અને ડીઝલ પર કેન્દ્ર દ્વારા લાગતાં ટેક્સમાં કોઈ પણ પ્રકારની વૃદ્ધિ થઈ નથી. આ વાત તેમણે રાજ્યસભામાં લખીને જણાવી હતી. તેમણે કહ્યું કે પેટ્રોલ અને ડીઝલના વધતાં ભાવ માટે આંતરરાષ્ટ્રીય ઉત્પાદનોમાં વધતાં ભાવ અને રાજ્ય દ્વારા લેવામાં આવતા વેટના વધતાં ભાવ જવાબદાર છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર પણ કાચા તેલના ભાવ મુદ્દે આંતરરાષ્ટ્રીય સ્તર પર વાત કરી રહી છે તેમણે આગળ જણાવ્યું કે પેટ્રોલ અને ડીઝલમાં ક્રમશ ૨૬ જૂન ૨૦૧૦ અને ૧૯ ઓક્ટોબર ૨૦૧૪ થી આ કિંમતને બજાર નિર્ધારિત કરી દેવામાં આવી હતી. ત્યારબાદ સાર્વજનિક રીતે આંતરરાષ્ટ્રીય ઉત્પાદન અને બજારની સ્થિતિના આધારે નિર્ણય લે છે. આ દરમિયાન તેમણે કહ્યું કે આ એક એવું મંત્રાલય છે જેમાં ભારતના નાગરિકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સીધો સંબંધ રાખે છે. તેમણે કાચા તેલ અને ગેસ માટે ઘરેલુ ઉત્પાદન વધારવાની વાત કહી, સાથે જ તેમણે કહ્યું કે તેમનું વધારે ધ્યાન ભારતની ગેસ આધારિત વ્યવસ્થા બનાવવા પર હશે. કોઈ પણ અર્થ વ્યવસ્થા માટે ઉર્જા એકદમ વધુ હોય છે. હાલના સમયમાં ઉર્જાના કુલ વપરાશમાં ગેસનો ૧૫ ટકા ભાગ છે. તેમણે કહ્યું કે હવે આ વધારીને ૨૦ થી ૩૦ ટકા કરવાની જરૂર છે.

# કંઈ પણ થઈ જાય ૧૫ ઓગસ્ટના રોજ ઝંડો તો દિલ્હીમાં જ ફરકાવાશેઃ ટિકૈત



ન્યુ દિલ્હી,તા.૨૮

ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું છે કે, કંઈપણ થઈ જાય, ૧૫ ઑગષ્ટના ઝંડો તો દિલ્હીમાં જ ફરકાવવામાં આવશે. ટિકૈતે કહ્યું કે, દિલ્હીમાં અમને કોઈ ચોક આપવામાં આવે, અમે એ જગ્યા પર જ તિરંગો ફરકાવશું. રાકેશ ટિકૈતે કહ્યું કે, કંઈપણ થઈ જાય પરંતુ અમે એ જગ્યાએ જ તિરંગો ફરકાવીશું. તેમણે કહ્યું કે, ભલે આ માટે હવાઈ માર્ગનો ઉપયોગ કરવો પડે.

હવાઈ માર્ગથી શું મતલબ છે? તેના જવાબમાં ટિકૈતે કહ્યું કે, ડ્રોનથી લઈ જવામાં આવશે તિરંગો. દિલ્હીની જમીન પર ખેડૂતોનો ઝંડો ફરકાવવામાં આવશે, ભલે હવાઈ માર્ગથી લઈ જવામાં આવે. રાકેશ ટિકૈતે કહ્યું કે, દિલ્હીમાં ખેડૂતો માટે ૫ ગજ જમીન પણ ના મળી શકે? અમને દિલ્હીમાં ૫ ગજ જમીન આપી દો. અક્ષરધામની પાસે જે ચોક છે ત્યાં તિરંગો ફરકાવાની પરવાનગી આપી દો. દિલ્હીની બહાર પણ તિરંગો ફરકાવી શકો છો તેવું પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, ના ખેડૂતો ઝંડો તો દિલ્હીમાં જ ફરકાવશે. ૨૬ જાન્યુઆરીના પરવાનગી આપી હતી અને પછી શું થયું? તેના જવાબમાં ટિકૈતે કહ્યું કે, કોઈ તપાસ એજન્સી હોય તો તપાસ કરાવી લો, કંઈ પણ નથી થયું. થોડાક દિવસ પહેલા ટિકૈતે કહ્યું હતું કે, લખનૌ પણ દિલ્હી જેમ બનાવવામાં આવશે. બીજી તરફ ખાલિસ્તાન સમર્થક સંગઠન શીખ ફોર જસ્ટિસ (જીહ્વત્ન)એ એકવાર ફરી ભારત વિરોધી ષડયંત્ર રચ્યું છે. આ વખતે સંગઠન તરફથી તિરંગાનું અપમાન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિવાદાસ્પદ પોસ્ટર જારી કરવામાં આવ્યા છે. ખાલિસ્તાન સમર્થક આ સંગઠન હવે ૧૫ ઑગષ્ટના દિલ્હીને ઘેરવાનો પ્લાન બનાવી રહ્યું છે.

# કોટનમાં ૧૭,૨૩૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૨૪૦નો ઉછાળો

## સોનાના વાયદામાં રૂ.૩૮નો ઘટાડોઃ ચાંદીમાં રૂ.૧૮૭ની વૃદ્ધિઃ કપાસ અને સીપીઓમાં સુધારાનો સંચારઃ મેન્થા તેલ, રબરમાં નરમાઈઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૬૫ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૫૫ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૨૨,૪૦૮ સોદાઓમાં કુલ રૂ.૧૧,૦૧૬.૦૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૬૫ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૧૫૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૪૩,૫૦૪ સોદાઓમાં કુલ રૂ.૩,૫૫૬.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૬૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૬૮૯ અને નીચામાં રૂ.૪૭,૫૧૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮ ઘટી રૂ.૪૭,૫૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૫૮ વધી રૂ.૩૮,૭૪૨ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૦ વધી રૂ.૪,૮૨૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૬૪૦ના ભાવે ખૂલી, રૂ.૩૮ ઘટી રૂ.૪૭,૫૧૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૬,૩૪૯ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૬,૪૯૨ અને નીચામાં રૂ.૬૬,૦૬૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૭ વધી રૂ.૬૬,૨૪૩ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૬૧ વધી રૂ.૬૬,૪૭૬ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૫૯ વધી રૂ.૬૬,૪૭૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૪,૩૪૫ સોદાઓમાં રૂ.૨,૫૭૬.૦૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૩૦ વધી રૂ.૧૯૯.૨૦ અને જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૨૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૨.૩૫ ઘટી રૂ.૭૬૫.૪૫ અને નિકલ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧૪.૬ વધી રૂ.૧,૫૦૪.૭૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૧૭૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૪૨,૮૩૧ સોદાઓમાં કુલ રૂ.૩,૦૦૪.૦૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૩૫૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૪૦૯ અને નીચામાં રૂ.૫,૩૪૪ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૯ વધી રૂ.૫,૩૫૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૭૦ ઘટી રૂ.૨૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૬૧૫ સોદાઓમાં રૂ.૪૧૨.૭૩ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૧૬.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૨૩ અને નીચામાં રૂ.૧૪૧૪.૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨.૫૦ વધી રૂ.૧,૪૧૯.૫૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર જુલાઈ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૭૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬,૭૨૦ અને નીચામાં રૂ.૧૬,૭૨૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૦ ઘટી રૂ.૧૬,૭૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૭૭.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૮૧ અને નીચામાં રૂ.૧૧૭૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩.૨૦ વધી રૂ.૧૧૭૪.૯૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૨૦ ઘટી રૂ.૯૪૪.૮૦ અને કોટન જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૪૦ વધી રૂ.૨૭,૦૮૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૧,૮૬૩ સોદાઓમાં રૂ.૨,૦૬૫.૮૦ કરોડનાં ૪,૩૩૬.૮૫૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૧,૬૪૧ સોદાઓમાં કુલ રૂ.૧,૪૯૦.૬૨ કરોડનાં ૨૨૪.૪૮૯ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૭૦.૮૫ કરોડનાં ૮,૫૪૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૩૬૪ કરોડનાં ૧૪,૯૦૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૧૨૦.૮૮ કરોડનાં ૧૪,૭૯૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૮૧૬.૬૩ કરોડનાં ૫,૫૧૪૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૦૩.૬૮ કરોડનાં ૫,૮૭૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦,૬૧૩ સોદાઓમાં રૂ.૮૮૪.૧૦ કરોડનાં ૧૬,૪૫,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૩૨,૨૧૮ સોદાઓમાં રૂ.૨,૧૧૯.૯૨ કરોડનાં ૭,૩૧,૯૭,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૫ સોદાઓમાં રૂ.૦.૧૪ કરોડનાં ૨૦ ટન અને કોટનના વાયદાઓમાં ૪૮૮ સોદાઓમાં રૂ.૪૭.૨૮ કરોડનાં ૧૭૩૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૨૧ સોદાઓમાં રૂ.૧૨.૫૬ કરોડનાં ૧૩૧.૦૪ ટન, રબરના વાયદાઓમાં ૨૧ સોદાઓમાં રૂ.૦.૪૫ કરોડનાં ૨૬ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૮૮૦ સોદાઓમાં રૂ.૩૫૨.૩૦ કરોડનાં ૩૦,૭૧૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૮૬૪.૮૦૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૬૬.૨૦૩ ટન, એલ્યુમિનિયમમાં ૧૨,૬૩૫ ટન, જસત વાયદામાં ૧૦,૪૫૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૧,૭૮૭.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૩,૭૯૮૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૬,૮૯૫ ટન, ક્રૂડ તેલમાં ૫,૩૧,૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૭૯,૧૦,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૨૦ ટન, કોટનમાં ૧૬૨૦૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૭૭.૭૨ ટન, રબરમાં ૧૦૫ ટન, સીપીઓમાં ૮૧,૧૮૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૨૨ સોદાઓમાં રૂ.૧૧૬.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૫૧૮ સોદાઓમાં રૂ.૩૯.૯૦ કરોડનાં ૫૫૧ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯૦૪ સોદાઓમાં રૂ.૭૭.૦૬ કરોડનાં ૯૭૧ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૭૮૫ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૩૬૬ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૫૧૧ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૫૧૬ અને નીચામાં ૧૪,૪૫૧ના સ્તરને સ્પર્શી, ૬૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૨ પોઈન્ટ ઘટી ૧૪,૪૬૮ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૯૦૦ના સ્તરે ખૂલી, ૧૫૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૩ પોઈન્ટ વધી ૧૫,૮૫૭ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૭,૬૯૧ સોદાઓમાં રૂ.૧,૩૪૯.૯૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૧.૦૨ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૦.૧૫ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૬૮.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચનાઓ

વિષય : સફળતા - નિષ્ફળતા,,સક્રિય - નિષ્ક્રિય " વિષયક રચનાઓ. (૨૯-૭-૨૦૨૧) દિવસ - ૩

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

NOG SS No : 0044
વિષયઃ- સફળતા- નિષ્ફળતા, સક્રિય- નિષ્ક્રિય
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ-ઉડાન
શબ્દોઃ- ૧૧૧.

''હા, હું સ્ત્રી છું. એવી સ્ત્રી કે જેને તમે વર્ષોથી અબળા માનતા આવ્યાં,એ તમારી માન્યતા છે, બાકી હું તો છું શક્તિનો સ્ત્રોત. શક્તિનો અખૂટ ભંડાર ભરેલો છે સ્ત્રીમાં અને એટલે જ અમને સ્ત્રીઓને નિષ્ક્રિય બનાવી દેવા જાતજાતનાં બંધનમાં બાંધી છે, સાથે જ ફરજોની બેડી પણ પહેરાવી છે, છતાં મારે તો ઉડવું છે આકાશમાં.તમે મને બંધનોમાં જકડી, ફરજોની બેડી પહેરાવી, મારું આકાશ છીનવી લીધું પણ પણ હું હિંમત તો નહીં જ હારૂં.

હું સક્રિય રહી મનોબળ મક્કમ કરીશ, મારાં નિર્ણયમાં રહીશ અડગ.પાછીપાની નહીં જ કરું.

આભમાં ઉડવાનાં, આભને આંબવાનાં અથાગ પ્રયત્નો કરીશ.ફરજોની સાથે ઉડીશ અને સફળતા મેળવીને જ જંપીશ.મારાં મનોરથો પૂર્ણ કરીને જ જંપીશ."

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા

---

NOG SS No :- 0038
વિષય :- સફળતા , નિષ્ફળતા
વિભાગ :-ગદ્ય
શીર્ષક :-સફળતાની એકલતા.

માણસ ઘણીવાર સફળતાની પાછળ એટલો ભાગે છે કે, એના પરિવાર કે મિત્ર મંડળ ને ગણકારતો નથી...બસ સફળતા મેળવાનો નશો એને એવો ચડી જાય કે એ જાણે પોતાને પણ ભૂલી જાય છે.

પણ જ્યારે એ સફળતા મેળવે છે, ત્યારે એની ખુશી મનાવવા એની પાસે કોઈ નથી હોતું. એ એકલતા અનુભવે છે ને સફળતાનો આનંદ નથી ઉઠાવી શકતો.

દોસ્તો ! સફળ થવા જરૂર પ્રયત્ન કરવો પણ જ્યારે સફળતા મળે ત્યારે એની ખુશી મનાવવા તમારી પાસે
પરિવારને મિત્રોનું ટોળું હોવું જોઈએ. તોજ તમે સફળતાનો
આનંદ મેળવી શકો. નહિ તો એકલતા તમને કોરી ખાશે.

શીલાપટેલ "આકાંક્ષા"

---

NOG SS No : 0001
પ્રકાર : ગદ્ય
શિર્ષક : " નિષ્ફળતા જ સફળતાનું ઝરણું "

નિષ્ફળતામાંથી જ સફળતાનું ઝરણું પ્રગટે છે . જીવનમાં સફળતા મેળવવી હોય તો સકારાત્મક વિચારધારા જોઈએ .ધીરજ રાખી મહેનત કરવાથી અવશ્ય સફળતા પ્રાપ્ત થાય છે. જે માણસ અકળાય છે , હતાશ થાય છે તે ક્યારેય સફળતા પ્રાપ્ત કરી શકતો નથી .

કોઇએ લખ્યું છે કે ,
" છે કઠણ માર્ગો ઘણાં,
વિશ્વાસ તો પણ છે અટલ .
સંકટોને જોઈ હિંમત,
હારનારો હું નથી ,
છે હૃદયમાં રોશની એ ,
બોલવાને ના કરી ,
પારકાં તેજે પ્રકાશેલો ,
સિતારો હું નથી ."

જે માણસને પોતાની જાત ઉપર વિશ્વાસ છે, શ્રધ્ધા છે, સફળતા પ્રાપ્ત કરવાની જેને ધૂન સવાર થઈ હોય છે એવા માણસો જીવનમાં કદી પાછા પડતાં નથી .

સફળતા મેળવવા માટે ક્યારેય નિષ્ફળતાથી ડરવું નહીં પણ નિષ્ફળતાને જ સફળતાનું પગથિયું બનાવીને આગળ વધવું જોઈએ . આપણે વીજળીના શોધક આલ્વા એડિસનને યાદ કરીએ તો એમણે કેટલી ધગશથી પ્રયોગો કર્યા હતા. અનેકવાર નિષ્ફળતા મળવા છતાં પણ ક્યારેય ડગ્યા નહોતાં . મિત્રો પણ એમનો સાથ દેવા જ્યારે તૈયાર નહોતા ત્યારે એમણે મિત્રોને કહ્યું હતું કે આપણે જેમ જેમ નિષ્ફળ જઈએ છીએ તેમ તેમ સફળતા નજીક આવતી જાય છે અને એમનો આ જ આત્મવિશ્વાસ એક દિવસ એમનાં જીવનમાં સોનેરી સૂરજ બનીને આવ્યો અને એમની અથાગ મહેનતે વીજળીની શોધ કરીને સાબિત કરી બતાવ્યું કે જીવનમાં સફળતા મેળવવી હોય તો હંમેશા સકારાત્મક વિચારો જ રાખવા જોઈએ. ધીરજ રાખી મહેનત કરવાથી સફળતા જરૂર મળે છે. નિષ્ફળતાથી હતાશ થવાને બદલે સફળતા ક્યાંથી મળશે ? એનાં રસ્તાઓ શોધો . વારંવાર શોધતાં રહો તો જરૂર સફળતા તમારા કદમ ચૂમશે.

ટૂંકમાં એટલું નક્કી જ છે કે નિષ્ફળતા જ સફળતાનાં શિખરે પહોંચાડે છે . નિષ્ફળતામાંથી જ સફળતાનું ઝરણું પ્રગટે છે . પરંતુ એ માટે ધીરજ , ઉત્સાહ , આત્મવિશ્વાસ અને પોઝિટિવ વિચારધારા અને નિત્ય ભગવાનને પ્રાર્થના કરવાનો અભિગમ રાખવો જોઈએ .

પ્રદીપ રાવલ . સંચાલક

---

NOG SS No. - 0063
વિષય - સફળતા - નિષ્ફળતા
વિભાગ - ગદ્ય (માઈક્રોફિક્શન)
શબ્દ - ૮૦
શીર્ષક - 'મીના'

અથાગ પરિશ્રમ છતાંય એક તો નિષ્ફળતા કેડો મુકવાનું નામ ન્હોતી લેતી. વળી, પુરુષોનાં એકાધિકાર અને પ્રભુત્વ ધરાવતી રમત એટલે સામાજિક અને કૌટુંબિક ટીકાનો સામનો તો ખરોજ. આ બધાં પરિબળોની વચ્ચે માતાનાં સહકાર અને ૨૦૧૬માં પાનવાળાની દુકાનની બાજુમાંથી નીકળતી વખતે ટીવીમાં જોયેલ, રીઓ ઓલમ્પિકમાં ભારતીય મહિલાઓની અનેક સંઘર્ષને મ્હાત આપી આત્મવિશ્વાસ થકી મેળવેલી ઝળહળતી સફળતાની અભૂતપૂર્વ ગાથાએ, અનેરી શક્તિનો સંચાર કર્યો.
અને..
આજે એજ પાનની દુકાને ટીવી જોતાં ઊભું આખું ગામ અને કુટુંબ મીનાની સિધ્ધિને તાળીઓથી વધાવતું ગર્વ લ્યે છે.

રીટા ભાયાણી

---

NOG SS No. 39
વિષય-"સફળતા-અસફળતા-નિષ્ફળતા"
પ્રકાર -- ગદ્ય - લેખ
શીર્ષક -- મંડ્યા રહેવું
શબ્દો - ૩૪૮

નક્કી કરેલું ધ્યેય મહેનતથી સિદ્ધ થાય એ સફળતા. સિદ્ધ ના થાય અને એ કાર્ય કરવાનું માંડી વાળીએ એ નિષ્ફળતા પણ સફળતા ના મળે તો ફરી એ સિદ્ધ કરવાનું નક્કી કરીને પ્રયત્નો ચાલુ રાખીએ એ નિષ્ફળતા નથી.

★ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.★ વિવેકાનંદજીનું આ કથન દરેક માટે પ્રોત્સાહનરૂપ છે. સફળતા મળે ત્યાં સુધી હાર્યા કે થાક્યાં વગર કામ ચાલુ જ રાખે એને ચોક્કસ એક દિવસ સફળતા મળવાની જ.

સફળતા મેળવવા પાછળ ઘણાં બધાં પરિબળો હોય છે. સૌથી પહેલાં તો એક લક્ષ્ય નક્કી કરવું પડે. એ લક્ષ્ય સુધી પહોંચવાના અનેક રસ્તા હોય. વારંવાર રસ્તો બદલવાથી સમય બગડશે અને ક્યાંથી જવું એ વાતે અસમંજસમાં ડૂબી જવાશે. માટે બરાબર વિચારીને એક રસ્તો નક્કી કરવો જોઈએ. જે કંઈ કરો એ પૂરાં આત્મવિશ્વાસ સાથે કરવું જોઈએ કારણકે વ્યક્તિનો એની જાત ઉપરનો ભરોસો સફળ બનાવવામાં બહુ મોટો ભાગ ભજવે છે. આત્મનિર્ભર બનીને જે કરવું હોય એ જાતે જ નક્કી કરવું. કોઈ પણ કાર્ય કંટાર્યા વગર પ્રેમથી, લગનથી કરવામાં આવે તો કાર્ય કરવાની મજા આવશે અને એ જલ્દી પૂરું થશે. ગમતું સંગીત સાંભળવું, ગીત ગાવું, મન ખુશ રહે એવા સકારાત્મક વિચારો કરવા એ વ્યક્તિનાં ઉત્સાહમાં વધારો કરે છે. કાર્ય લાબું હોય, અઘરું હોય ત્યારે કાર્ય કરવાનો ઉત્સાહ ઓછો ના થાય એવા પ્રયત્નો કરવા બહુ જરૂરી છે. તકલીફ પડે કે નિષ્ફળ થવાની શકયતા લાગે ત્યારે અકળાયા વગર સ્વ ઉપર નિયંત્રણ રાખવું ખૂબ જરૂરી છે. તન થાકી જાય પણ મન હારવું કે થાકવું ના જોઈએ. મનોબળ મક્કમ હશે તો જીત ચોક્કસ થશે જ.

સમયનું યોગ્ય પાલન, સખત મહેનત, સકારાત્મક અભિગમ, પોતાની ખામીઓની ઓળખ, સ્વસ્થ તન અને મન હશે તો પુરુષાર્થનાં પગલે સારું પ્રારબ્ધ આવશે જ.

★સિદ્ધિ એને જઈ વરે, જે પરસેવે ન્હાય.★ પણ આજે પરસેવે ન્હાવું પડે એવી મહેનત કરવી ગમતી નથી. જેઓ અભણ, ગરીબ અને લાચાર છે એમને તનતોડ મહેનત કરવી પડે પણ જેની પાસે સારું બુદ્ધિધન છે, શિક્ષિત અને સાહસિક છે તેઓ એસી.ઓફિસમાં બેસીને તનને નહિ પણ મનને કસીને પોતાનું ધ્યેય સિદ્ધ કરે છે અને સારી આવક પણ મેળવે છે. આમ સફળતા મેળવવામાં શિક્ષણ પણ બહુ મહત્વનો ભાગ ભજવે છે.

પ્રફુલ્લા "પ્રસન્ના"



પ્રખ્યાત જૈન સંત આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મુનિરાજનાં શિષ્યો, મ્યુનિ-આ આર્યિકાનાં ચાતુર્માસની સ્થાપના કેટલાક પેટા સંઘો દ્વારા કરવામાં આવી છે અને કેટલાક અગસ્ટ ૧ સુધીમાં કરવામાં આવશે. ઉત્તર પ્રદેશના વ્યાપારી અને ધાર્મિક શહેર મડાવરામાં એક વિશાળ આર્યિકા સંઘની સ્થાપના કરવામાં આવી હતી. તે પૈકી પૂજ્ય આર્યિકા શ્રી અનંતમતી માતાજી સંઘ ૫ પીછાના ચાતુર્માસ વર્ષાયોગ મડાવરાના વિદ્યાવિહાર કેમ્પસમાં યોજાયો હતો. આ સાથે, પૂજ્ય આર્યિકા વિજ્ઞાનમતી માતાજી સંઘ ૮ પીચીના ચાતુર્માસ મહરૌનીમાં અને પૂજ્ય આર્યિકા શ્રી અપૂર્વ મતી માતાજી સંઘ ૩ પીછાના ચાતુર્માસ ખીમલાસામાં યોજવામાં આવ્યા છે.મડાવારાનો જૈન સમાજ સાધુઓ, ખાસ કરીને આચાર્યશ્રીને સમર્પિત છે. તમામ નગરો આ ત્યાગ કરનારાઓના ચાતુમાસ મેળવવામાં આનંદ અનુભવે છે.

ડો.મહેન્દ્રકુમાર જૈન 'મનુજ', ઇન્દોર ૯૮૨૬૦૯૧૨૪૭



ગુરુપૂર્ણીમાંની આપ સર્વેને શુભકામના ગજાનન આશ્રમ માલસર દ્વારા ગુરુપૂજનનુ,મંત્રદિક્ષાનુ સુંદર આયોજન સંપન્ન થયું.

## જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં વાદળ ફાટતા ૭ લોકોના મોત, ૪૦થી વધુ લોકો ગમ



કિશ્તવાડ,તા.૨૮

જમ્મુ કાશ્મીરના હોંજર ડચ્ચન ગામમાં વાદળ ફાટવાના કારણે ભારે તબાહી મચી છે. આ હોનારતના કારણે ૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને ૪૦ લોકો લાપતા હોવાનું સામે આવ્યું છે. રેસ્ક્યુ માટે પોલીસ, સેના અને રેસ્ક્યુની અન્ય ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને લાપતા લોકોને શોધવા માટે પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો છે.

જમ્મુ કાશ્મીરના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું કે, હોંજર ગામમાં વાદળ ફાટવાના કારણે ૮-૯ ઘરને નુકસાન થયું છે. મકાનોના કાટમાળ નીચેથી ૬ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે અને આર્મી તથા એસડીઆરએફની મદદથી બચાવ કામ ચાલી રહ્યું છે. ઘાયલોને એરલિફ્ટ કરવાની જરૂર હોવાથી આઈએએફનો પણ સંપર્ક સાધવામાં આવ્યો છે અને નૌસેનાની મદદ પણ લેવામાં આવશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે, કિશ્તવાડ ખાતે વાદળ ફાટવાની ઘટનાને લઈ તેમણે જમ્મુ કાશ્મીરના એલજી અને ડીજીપી સાથે વાત કરી છે. એસડીઆરએફ, સેના અને સ્થાનિક પ્રશાસન બચાવની કામગીરીમાં લાગી ગયું છે અને એનડીઆરએફ પણ જોડાશે. મહત્તમ લોકોનો જીવ બચાવી શકાય તેને પ્રાથમિકતા આપવામાં આવી છે. અમિત શાહે શોકાકુળ પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

જિલ્લા પ્રશાસનના કહેવા પ્રમાણે ડચ્ચનની એવી જગ્યાએ આ ઘટના બની છે જ્યાં રસ્તા નથી. પોલીસ અને આર્મીની ટીમ ઘટના સ્થળે પહોંચી છે અને સ્થિતિનો તકાજો મેળવવામાં આવી રહ્યો છે.

આ તરફ હિમાચલ પ્રદેશમાં પણ અચાનક પૂર આવવાના કારણે એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો હતો અને ૯ લોકો લાપતા છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ડાયરેક્ટર સુદેશ કુમાર મોક્તાએ જણાવ્યું કે, વાદળ ફાટવાના કારણે લાહૌલ-સ્પિતિ જિલ્લામાં અચાનક પૂર આવવાથી એક વ્યક્તિનું મોત થયું છે અને ૯ લોકો લાપતા છે.

## ઇન્ડિયન ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટીગ મેન્યુફેક્ચર્સ એસોસીએશનનો સહયોગ તથા સદભાવના વૃધ્ધાશ્રમનાં વૃક્ષારોપણ અભિયાન દરમ્યાન વાગુદડ ગામમાં પાંચ હજાર પીપળાનું વાવેતર કરાયું

સમગ્ર ભારતમાં સૌથી મોટું પીપળાનું વાવેતર રાજકોટ પાસેનાં વાગુદડ ગામમાં થઈ ગયું છે. જે જંગલમાં ૫૦૦૦ પીપળાનાં આશરે ૧૨ ફૂટનાં વૃક્ષો વાવવામાં આવ્યાં છે તથા આ તમામ ઝાડનાં રક્ષણ માટે ૯ ફૂટ ઉચી ફેન્સીંગ કરવામાં આવી છે. રાજકોટ શહેરની નજીક આવેલું એક નાનકડું વાગુદડ ગામ આજે સમગ્ર ભારતમાં ઉદાહરણ રૂપ બની ગયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં કોઈએ પણ આવળુ મોટું પીપળાનું જંગલ ક્યારેય પણ ઉભું કરેલ નથી. આ સમગ્ર પીપળાનાં વાવેતરનો તથા ૩ વર્ષ સુધી જતન અને ઉછેરનો ખર્ચ ૧ કરોડ થી પણ વધુ થશે જેમાં ૫૦ લાખથી પણ વધારે રકમનો સહયોગ ઈન્ડિયન ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીંગ મેન્યુફેકચર્સ એસોસીએશન આપેલ હતી અને ૫૦ % રકમ સદભાવના વૃધ્ધાશ્રમે આપેલ હતી. ઈન્ડિયન ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીગ મેન્યુફેકચર્સ એસોસીએશન અને સદભાવના સંયુકત ઉપક્રમે સમગ્ર પણે ૫૦૦૦ થી પણ વધારે પીપળાનું વાવેતર કરવામાં આવ્યું છે. ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીંગ ઉચ્ચતમ ક્વોલિટી ના બધી જ પ્રકાર ની મેટલ નાં કાસ્ટિંગ બનાવવાનો ફાઉન્ડ્રી ઉધોગ છે. છેલ્લા ૨૫ વર્ષમાં આ ઉધોગ નો રાજકોટ માં ઘણો વિકાસ થયો છે અને તેના કારણે આજે રાજકોટ ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીગ નાં ઉત્પાદન માં ભારત માં પ્રથમ અને વિશ્વ માં બીજા નંબરે છે આ આપણા રાજકોટ માટે ગૌરવ ની બાબત છે. IICMA ઉધોગ નાં વિકાસ ની સાથે આવતા ભવિષ્ય માં માનવ કલ્યાણ માટે શુધ્ધ વાતાવરણ ની જરૂરિયાત હોવાથી ૫૦૦૦ પીપળા વાવવાનો નિરાધાર કર્યો હતો તે IICMA નાં મેમ્બર્સ અને સદભાવના ના સહકાર થી પૂરો થયો છે. આવા ઔદ્યોગીક એસોસીએશનો અને ઉદ્યોગ સાહસીકો આ રીતે જો પ્રકૃતીમાં આગળ વધશે તો ભવિષ્યમાં સમગ્ર ગુજરાતને હરીયાળું કરી શકાશે. સમગ્ર કાર્યક્રમ અને વાવતેર દરમ્યાન વાગુદડ ગામનાં સરપંચ, ડેપ્યુટી કલેકટર, પ્રાંત અધીકારી દેસાઈ સાહેબ, ઈન્ડિયન ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીગ મેન્યુફેકચર્સ એસોસીએશન સભ્યો રમણભાઈ સભાયા, નિલેશભાઈ માકડીયા, કનુભાઈ પટેલ, પ્રમીતભાઈ પટેલ, સુરેશભાઈ હિરપરા, રાહુલભાઈ પટેલ તથા સદભાવના વૃધ્ધાશ્રમનાં વિજયભાઈ ડોબરીયા, ચુનીભાઈ વરસાણી (નિવૃત ડી.એફ.ઓ.), કોર્પોરેટર કેતનભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહયાં હતાં.



અત્રે ઉલ્લેખનીય છે કે આ સમગ્ર પ્રોજેક્ટમાં સદભાવના વૃધ્ધાશ્રમ તરફથી નિવૃત ડી.એફ.ઓ. ચુનીભાઈ વરસાણીએ સમગ્ર જવાબદારી ખૂબ સુંદર રીતે નિભાવી સમગ્ર પ્રોજેકટનું ખુબ સુંદર રીતે સંચાલન કર્યું છે.

સદભાવના વૃધ્ધાશ્રમનું સમગ્ર ગુજરાતને ગ્રીન સ્ટેટ બનાવવાનું મહત્વાકાંક્ષી સ્વપ્ન છે. પ્રથમ તબકકામાં રાજકોટને ગ્રીન સીટી બનાવવાનું અભિયાન પુરજોશમાં ચાલી રહયું છે. આ અભિયાન હેઠળ આ ચોમાસામાં શહેરમાં ૨ લાખ જેટલા વૃક્ષોનું પીજરા સાથે વાવેતર કરવામાં આવનાર છે. સાથોસાથ તેનાં જતનની પણ તકેદારી લેવામાં આવશે. રાજકોટને ગ્રીન બનાવવાનાં સંકલ્પ સાથે કાર્યરત સદભાવના વૃધ્ધાશ્રમ આજે દરેક શેરીઓ, મહોલ્લાઓ અને સોસાયટીઓમાં જાણીતું બન્યું છે. શહેરને ગ્રીન બનાવવાનું પણ અભિયાન ચલાવી રહયું છે. જેને ખૂબ ટુંકા સમયમાં ૬,૦૦,૦૦૦ વૃક્ષો વિનામૂલ્યે પીજરા સાથે વાવી તેનું જતન કરાયું છે. વૃક્ષો વાવીને મોટું ભગીરથ કાર્ય કર્યુ છે. વૃક્ષો વાવવા સહેલા છે, પણ તેની માવજત કરવી અઘરી છે. જ્યારે આ સંસ્થા દ્વારા વૃક્ષોનાં વાવેતર સાથે તેને પિંજરાથી રક્ષણ આપવામાં આવે છે અને સાથે જાહેર સ્થળોએ વાવેલા વૃક્ષોને પાણી પીવડાવવા સહિતની કામગીરી કરીને તેનાં ઉછેરની સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવે છે. વડીલોની અને પર્યાવરણની બંન્નેની સેવા કરવાનાં સંકલ્પ સાથે નાની એવી સંસ્થા આજે ભગીરથ કાર્યોથી વટવૃક્ષ બનીને લોકપ્રિય બની છે. હાલ કોરાનાની મહામારી વચ્ચે પણ સદભાવના વૃધ્ધાશ્રમની ફૌજ વૃક્ષારોપણની કામગીરી પુરજોશમાં કરી રહી છે. સંસ્થા હાલ ૭૦ ટ્રેકટર, ૭૦ ટેક્નર વડે વૃક્ષોને નિયમીત રીતે પાણી પીવડાવી આ અભિયાન ચલાવી રહી છે. આ અભિયાન પાછળ અંદાજીત ૫૦ કરોડથી પણ વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## અમારો બસ એક જ સવાલ, શું દેશની સરકારે પેગાસસની ખરીદી કરી કે નહીં?: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૨૮

રાહુલ ગાંધીએ પેગાસસ મુદ્દા પર સંસદમાં પ્રેસ કોન્ફરન્સ કરી છે. તેમનું કહેવું છે કે પેગાસસનો ઉપયોગ ભારત સાથે દેશદ્રોહ છે. હિંદુસ્તાનના સમગ્ર વિપક્ષ અહીં ઊભું છે. તમામ પારથીના નતાઓ છે. અને અમારે અહીં આજે કેમ આવવું પડ્યું. કારણ કે અમારા અવાજને સંસદમાં દબાવવામાં આવી રહ્યો છે. અમારો માત્ર એક સવાલ છે. શું ભારતની સરકારે પેગાસસને ખરીદ્યું? હાં અથવા ના. શું હિંદુસ્તાનની સરકારે પોતાના લોકો પર પેગાસસ હથિયારનો ઉપયોગ કર્યો. હાં અથવા ના? અમે માત્ર એ જ જાણવા માંગીએ છીએ. સરકારે કહ્યું છે કે સંસદમાં પેગાસસ પર કોઈ વાત નહીં થાય.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે અમે સંસદમાં માત્ર આ મુદ્દે વાત કરવા માંગીએ છીએ. જો અમે એવું કહી દઈશું કે પેગાસસ પર વાત નહીં કરીએ તો આ મુદ્દો અહીં જ સમાપ્ત થઈ જશે. આ અમારા મારે રાષ્ટ્રવાદનો મુદ્દો છે. આ એન્ટિ નેશનલ કામ છે. નરેન્દ્ર મોદીજી અને અમિત શાજી એ દેશના આત્માને ઈજા પહોંચાડી છે અમે માત્ર એટલું જ જાણવા માંગીએ છીએ કે શું સરકારે પેગાસસનો ઉપયોગ કર્યો અને કર્યો તો કોની કોની પર કર્યો.

પેગાસસ જાસૂસી, મોંઘવારીએ અને કૃષિ કાયદા મુદ્દે સંસદમાં હોબાળો યથાવત્ રહ્યો છે. બુધવારે પણ રાજયસભાની કાર્યવાહી શરૂ થતાંની સાથે જ વિપક્ષે હોબાળો કર્યો હતો, જેને કારણે કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવી પડી હારી. ૧૨ વાગ્યે સંસદની કાર્યવાહી ફરીથી શરૂ થઈ, પણ હોબાળો ચાલુ જ રહ્યો. આ તરફ લોકસભામાં પણ વિપક્ષ સાંસદોએ પેપર ફેંક્યા હતા અને ખેલા હોબેના નારા લગાવ્યા હતા. આ કારણે ગૃહની કાર્યવાહી પહેલા ૧૨:૩૦ વાગ્યા સુધી અને પછી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. આ દરમિયાન સમાન વિચારસરણીવાળી ૧૪ પાર્ટીએ એક મહત્ત્વની બેઠક કરી હતી અને સરકારને ઘેરવાની યોજના બનાવી હતી. આ બેઠક બાદ કોંગ્રેસનેતા અને વાયનાડના સંસદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે પેગાસસ જાસૂસી કેસ, મોંઘવારી અને ખેડૂતોના મુદ્દા પર અમે કોઈ સમજૂતી કરીશું નહીં. અમે સંસદમાં આ મુદ્દાઓ પર ચર્ચા કરવા માગીએ છીએ.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલીસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ વર્ષની વોરંટી સાથે,
અનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
બી.એમ ઇટાલિયન મારબલ પેસ્ટ ઉધઈ થી છુટકારો
(આપના ઘર-ઓફિસમાં કલર કરવા ઈચ્છો છો
વિઝીટ નો કોઈ ચાર્જ નથી.)
• માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે • દિવાલ અને
• સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે • માર્બલ પેસ્ટ કરાવ્યા પછી
ભેજ આવતો નથી • દર વર્ષે કરાવવું પડતું નથી • ૫ વર્ષની વોરંટી આપીએ છીએ
• માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમજ દુકાનમાં લગાડી આપવામાં આવશે.
• વરદારના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રીપૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ ખાત્રીપૂર્વક કરી આપીએ છીએ
ઓછામાં ઓછું ૫૦૦ સ્કે.ફીટ નું કામ કરવામાં આવશે
તેનાથી ઓછું કામ હશે તો ઉચક પૈસા લેવામાં આવશે.
ધાબા વોટર પ્રૂફિંગ સ્પેશીયાલિસ્ટ
9624163945 contact
8690089211 WhatsApp
મહેસાણા નાગલપુર પાટિયા
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડીઝાઈનમાં બનાવી આપીએ છીએ.
વોટર પ્રુફીંગ કલર, ચુનાથી છૂટકારો
▪ શું તમરા ઘરમાં દિવાલો ઉપર ભેજ આવે છે ?
▪ કલરની પોપડી ઉખડી જાય છે ?
▪ વારંવાર કલર કરાવવો પડે છે ? તો આવો...
વોટરપ્રુફીંગ કરાવો અને વારંવાર થતા ભેજ અને કલર નીકળી જવાના ત્રાસથી મુકિત પામો...
:: વધુ જાણકારી માટે સંપર્ક કરો ::




અમદાવાદ ના પ્રહલાદ નગર વિસ્તારમાં આવેલ ઈન્દ્ર પ્રસ્થ ૬ માં બગીચા,બસ સ્ટોપ,ગાર્ડન નું વિનોવેશન કરી રહિશો ના બાળકો ના હાથે ચિઠ્ઠી ઉછાળી આયેન વોરા ના હાથે રીબિન કાપી ઉદ્ઘાટન કરવામાં આવેલ અને બાળકોને પ્રોત્સાહિત કરવા ની નવી રાહ કરેલ. આ પ્રસંગે વાલિયો રહિશો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા..

## કેન્સર સામે સતર્કતા પરિસંવાદમાં આમંત્રણ




રાજયસરકાર દ્વારા કેન્સર જેવા લાઇફસ્ટાઇલ બેઈઝ્ડ ડીસીઝ અંગે જાગૃતિ ફેલાવવાના આશયથી કેન્સર રોગ તથા તેની સારવાર અંગે મહત્વનું પ્રદાન કરી રહેલા વ્યક્તિઓના સમન્વયમાં રહીને વિવિધ સ્થળોએ પરિસંવાદનું ૨૭/૭/૨૦૨૧ ના રોજ રાજકીય આયોજન કરવામાં આવેલ. આ રાજયવ્યાપી શૃંખલાના ભાગરૂપે ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર, તેમજ કેન્સર સોસાયટી અને પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના સંયુકત ઉપક્રમે... ''કેન્સર સામે સતર્કતા'' વિષય પર બે કલાકના એક પરિસંવાદનું આયોજન ૨૭ જુલાઇ ૨૦૨૧ના રોજ રાજકોટ શ્રીમતી અનિલા બેન કોઠારી કેન્સર ચિકિત્સા ભવન , રાજકોટ ખાતે કરવામાં આવ્યુ હતું . આ સેમિનારમાં × ટાટા હોસ્પિટલ, મુંબઈના કેન્સર નિષ્ણાત ડોક્ટર શ્રી વિક્રમ સંઘવી સર તથા કેન્સર ચિકિત્સા ભવનના મેડિકલ ડાયરેક્ટર ડોક્ટર શ્રી. વી. કે. ગુપ્તા સર તેમજ સંયુક્ત માહિતી નિયામક રાજકોટના એસ. એમ. બુંબડીયા સર સાથે મને પણ આ પરિસંવાદમાં વિશેષ ચાવીરૂપ વક્તવ્ય આપવા માટે આમન્ત્રણ આપવામાં આવેલુ.ખરેખર આજનો આ દિવસ મારાં માટે ખૂબ યાદગાર અને માહિતીપ્રદ રહ્યો.બન્ને નિષ્ણાત ડોક્ટર મહાનુભાવોની મારી સાથે વાત કરવાની સરળતા, મારાં કાર્યની સરાહના કરીને મને પ્રોત્સાહન આપવાની નિખાલસતા ખરેખર ખૂબ સ્પર્શી ગઈ.મારાં કેન્સર સામેના જંગની લડતમાં જોમ જુસ્સો પૂરનારી રહી. મને મળેલી આ ધન્યક્ષણોને માટે હું મારું ખૂબ મોટું સદભાગ્ય માનું છું.અને ઈશ્વરનો ખરાં દિલથી આભાર માનું છું.

વર્ષા જાની. ભાવનગર

### વન-આદિજાતિ મંત્રીશ્રી રમણલાલ પાટકર તથા સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના વરદ હસ્તે પ્રતિમાનું અનાવરણ કરાયું

# અરવલ્લીના બાયડ ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનો અનાવરણ કાર્યક્રમ યોજાયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના બાયડના ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બાયડ દ્વારા આયોજીત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ જિલ્લા પ્રભારી અને વન-આદિજાતિ મંત્રીશ્રી રમણલાલ પાટકર તથા સહકાર, રમત-ગમત અને સાંસ્કૃતિક અને વાહનવ્યવહારના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે કરાયું.

બાયડના શરણાઈ પાર્ટી પ્લોટ ખાતે પ્રાસંગિક પ્રવચન કરતા જિલ્લા પ્રભારી અને વન-આદિજાતિ મંત્રીશ્રી રમણલાલ પાટકરે જણાવ્યું કે, આજનું કાર્ય સૌના માટે ગૌરવ લેવાનું છે, સરદાર શ્રીને લોકો દ્વારા લોખંડી પુરુષનું બિરુદ પણ મળ્યું છે. ભારતના બિસ્માર્ક અને ખેડૂતોના હામી એવા દેશના પ્રથમ ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રીના જન્મથી લઈ મૃત્યુ સુધી ચાલતા એકધારા જીવનમાં ઉત્સવો, પ્રસંગો અને આંદોલનો યુવાપેઢીને માર્ગદર્શન આપવાનું કામ કરે છે. આજના આ ટેકનોલોજીના સમયમાં સરદાર પટેલ આવનારી પેઢી માટે હંમેશા જીવંત રહેશે.

વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બાયડ દ્વારા મુખ્યયાર્ડ બાયડના પ્રાંગણમાં શ્રી સરદાર પટેલની આરસની પ્રતિમા અંદાજે રૂ. એક લાખના ખર્ચે સ્થાપિત કરવાનો નિર્ણય કરીને સરદારના વિચારોને જીવંત રાખવાનું કામ કર્યુ છે. માર્કેટયાર્ડના વિકાસ માટે સાથી મિત્રોને સાથે લઈને ચાલવું, માર્કેટયાર્ડમાં વેપારીઓ અને ખેડૂતો વચ્ચેનો સબંધ એ અતિ મહત્વનો છે, વિકાસ એ સહકારનો એક ભાગ છે, દરેકે પોતાની જવાબદારીથી જ કામ કરવું જોઈએ, ખેડૂતોએ પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે કલેકટરશ્રી તથા મામલતદારશ્રીને જાણ કરવા, રાજ્ય સરકાર દ્વારા દૂધ મંડળીમાં શ્વેતક્રાંતિ લાવી છે, પુરવઠામાં ૧૭ હજાર મંડળીઓ સહકારના ભાવ સાથે ચાલી રહી છે, રાજ્ય સરકાર શિક્ષણ, સંસ્થાઓ, સહકારી સંસ્થાઓમાં સારા કાર્યો કરી રહી છે, સરકાર ખેડૂતો માટે વિવિધ યોજનાઓ પણ અમલમાં લાવી છે તથા ૧૦ લાખ મહિલાઓને ૧-૧ લાખ રૂપિયાની લોન આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, બાયડમાં ૧૨૩ જેટલા ગામો આવેલા છે, જેમાં બાયડ માર્કેટયાર્ડને રૂ બે કરોડની સહાય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. દેશ આઝાદ થયા પછી સરદારશ્રી દ્વારા ખેડૂતો માટે અતિ મહત્વના કાર્યો કરવામાં આવ્યા, પહેલાના સમયમાં ખેતી કરવા માટે ખેડૂતોએ ધિરાણ લેવા માટે બેક્રના ધક્કા ખાવા પડતા હતા જયારે વર્તમાન સમયમાં ગુજરાત સરકાર દ્વારા ૭ ટકા તથા કેન્દ્ર સરકાર દ્વારા ૩ ટકા લોન આપવામાં આવે છે, ૮૦ કરોડ રૂપિયા પશુપાલન માટે મળે છે.




આ પ્રસંગે બાયડ, ધારાસભ્યશ્રી જશુભાઈ પટેલ, સાબરકાંઠા કો.બેંકના ચેરમેનશ્રી મહેશભાઈ પટેલ, સાબરડેરી ચેરમેનશ્રી શામળભાઈ પટેલ, કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, અરવલ્લી અગ્રણી રાજેન્દ્રભાઈ પટેલ, બાયડ માર્કેટયાર્ડના ચેરમેનશ્રી બાબુભાઈ પટેલ, અરવલ્લી જીલ્લા સહકારી સંઘ ચેરમેનશ્રી પ્રભુદાસ પટેલ, ગુજકોમાસોલના ડિરેક્ટરશ્રી સુભાષભાઈ પટેલ સહિત આસપાસના માર્કેટયાર્ડના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આઈ.સી.ડી.એસ શાખા દ્વારા

# અમદાવાદ જિલ્લાની ૧૫૦૦ આંગણવાડી કેન્દ્ર ખાતે પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી

અમદાવાદ જિલ્લા પંચાયતની આઈ.સી.ડી.એસ શાખા દ્વારા અમદાવાદ જિલ્લાની ૧૫૦૦ આંગણવાડી કેન્દ્ર ખાતે પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં SAG યોજના અંતર્ગત ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી નોંધાયેલ કિશોરી તથા PURNA યોજના અંતર્ગત ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી તથા શાળાએ ન જતી નોંધાયેલ કુલ કિશોરી ૩૪૮૯૪ માંથી જિલ્લાની ૨૦૩૧૪ કિશોરીઓએ પોષણસલાડ હરીફાઈમાં ભાગ લીધો વિવિધ ફળ, લીલા શાકભાજી, કઠોળમાંથી પોષ્ટિક સલાડ બનાવવામાં આવ્યું હતું.



આ ઉજવણી અંતર્ગત આઈ.સી.ડી.એસ.શાખા જિલ્લા પંચાયત અમદાવાદના ડીસ્ટ્રીક્ટ પૂર્ણા કન્સલ્ટન્ટ (પૂર્ણાયોજના) જવનિકા પટેલ દ્વારા દસ્ક્રોઈ-૧ ઘટકના અસલાલી-૧ સેજાના આંગણવાડી કેન્દ્ર ૬ અને ૭ તથા દસ્ક્રોઈ-૧ ઘટક ના જેતલપુર -૧ સેજાના આંગણવાડી કેન્દ્ર ૮ અને ૧૧ ની મુલાકાત લઈ કોવિડ-૧૯ની ગાઈડ લાઈનને ધ્યાને રાખી ઉપસ્થિત કિશોરીઓ દ્વારા બનાવેલ પોષ્ટિક સલાડનું નિદર્શન કરવામાં આવ્યું હતું. તથા તમામ કિશોરીઓને ઉમર મુજબ પોષક આહારની રોજીંદી જરૂરિયાત, સ્થાનિક વિસ્તારમાંથી ઉપલબ્ધ વસ્તુઓમાંથી સલાડ બનાવી રોજીંદા ખોરાકમાં ઉપયોગ તથા આંગણવાડીમાંથી આપવામાં આવતા સત્વ મીઠાના તેમજ પૂર્ણાશક્તિના ઉપયોગ તેમજ ફાયદા અંગેની સમજ આપવામાં આવી હતી. આ કાર્યકમને સફળ બનાવવા અસલાલી -૧ અને જેતલપુર-૧ સેજાના આંગણવાડી બહેનો અને કાર્યકારોએ સહભાગીદારી નોંધાવી હતી. તેમજ આઈ સી ડી એસ વિભાગ ગાંધીનગર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કિશોરી માટે ચોથો મંગળવાર પૂર્ણા દિવસના ભાગરૂપે સેટકોમ પ્રોગ્રામ "મને ગર્વ છે, કે હું મોટી થઈ રહી છું-સ્વચ્છતા અને માસિક સમયનું વ્યવસ્થાપન× નું આયોજન કરવામાં આવ્યું હતું,

આ સેટકોમ અમદાવાદ જીલ્લાની કુલ ૨૨૫૪૩ કિશોરીઓ અને મહિલાઓએ નિહાળી માર્ગદર્શન મેળવ્યું હતું.. તેમ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર જિલ્લા પંચાયત સુશ્રી પારૂલબેન નાયકે જણાવાયું હતું.મનીષા પ્રધાન

# તેરવાડા ગામે ચોરી ની ઘટના સામે આવતા ચકચાર મચી..



કાંકરેજ: થરા પોલીસ સહિત d.y.s.p તેરવાડા ગામે ઘટના સ્થળે પહોંચી તપાસ નો ધમધમાટ શરુ કર્યો.... આજુબાજુના સીસી કેમેરા ચેક કરવાની તજવીજ હાથ ધરી.... પોલીસે ચોરો ને પકડવા ચક્રો ગતિમાન કર્યા.. બનાસકાંઠા કાંકરેજ તાલુકાના તેરવાડા ગામે રહેતા વૃદ્ધ પતિ પત્ની અમૃતલાલ કેશવલાલ ઠક્કર પત્ની પ્રેમિલાબેન અમૃતલાલ ઠક્કર ઘરમાં બંને એકલાજ રહેતા હતા પરિવાર થરા ખાતે રહેતો હોવાથી.. ચોરોએ તેનો ફાયદો ઉઠાવી આજે રાત્રિ દરમ્યાન એક વાગ્યાના આસપાસ અજાણ્યાં શખ્સોએ ગાબિયાપીર ની જગ્યાંમાંથી લાકડાની મોટી સિડી લાવી અમૃતલાલ ના ઘર પાસળ લગાવી ઘર ઉપર થઈ ને ઘરમાં પ્રવેશી વૃદ્ધ પતિ પત્ની ને માર મારી રૂમમાં બાધીને તિજોરી કબાટ ના લોકર તોડી સોનાના દાગીના, ૧લાખ ૫૦ હજાર રોકડ એમ ૨ લાખ આસપાસ ની ચોરી કરી ને ફરાર થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.. ઘટનાની જાણ ભોગ બનનાર નો પરિવાર જેવો થરા ખાતે રહેતા ત્રણે પુત્રો ને કરાતા ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત થયેલ માતા પિતા ને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.. ઘટના ની જાણ થરા પોલીસ ને કરવામાં આવી હતી... હાલમાં પોલીસ ની જુદી જુદી ટીમ બનાવી ચોરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.. રિપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા

### અમદાવાદ સિવિલ તબીબોએ રાજસ્થાનના દર્દીની પીડા દૂર કરી

# ગરદનના ભાગના પ્રથમ બે મણકા (C-1:C-2) ખસી ગયા : સિવિલ તબીબોએ જટીલ સર્જરીથી પુર્વવત કર્યા

૧૬ વર્ષની યુવાનવયમાં બાળપણમાં ભરેલી પાપાપગલીનો અનુભવ થયો –ભરત બાળપણમાં પોતાના બાળક ભરતને પાપાપગલી ભરતા જોઇ જે અનુભૂતિ થઇ તેવી જ અનુભૂતિ જયારે સિવિલ હોસ્પિટલના તબીબોએ ભરતને પીડામૂક્ત કરીને પૂર્વવત કર્યો અને ભરત ફરીથી હલન-ચલન કરવા લાગ્યો ત્યારે તેમના પરિવારજનોને થઇ.!!!



અમદાવાદ સિવિલ હોસ્પિટલના સ્પાઇન સર્જનોએ ફરી એક વખત તબીબી કૌશલતાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.૧૬ વર્ષીય ભરતને લાંબા સમયની ગરદનની પીડાથી મૂક્ત કર્યા છે.

સમગ્ર વાત એવી છે કે, રાજસ્થાનના પાલી જીલ્લામાં રહેતા ભરતને ગળાના ભાગમાં ગંભીર ઇજા થતા તેને હલન-ચલનમાં તકલીફ થવા લાગી. લાંબા સમયથી હેરાનગતિ ભોગવતા ભરતના પરિવારજનોએ જોધપુરની ખાનગી હોસ્પિટલ,સરકારી હોસ્પિટલમાં નિદાન અર્થે સંપર્ક સાધ્યો. પરંતુ દરેક જગ્યાએ નિશાશા જ સાંપડી. વિવિધ હોસ્પિટલમાં નિદાન કરાવવા છતા પણ તેની પીડામાં ક્યાંય સુધાર જોવા મળ્યો નહીં. વળી રાજસ્થાનમાં સુપ્રતિષ્ઠિત મણકાના તબીબને છેલ્લે બતાવ્યું ત્યારે તેઓએ ૮ થી ૧૦ લાખની ગળાના મણકાની સર્જરીનું સૂચન કર્યું.પરંતુ તેમાં પણ સંપૂર્ણપણે સાજા થઇ જવાની કોઇપણ પ્રકારની ગેરંટી તો નહી જ.....

ભરતભાઇ જેવા ગરીબ પરિવાર માટે ૮ થી ૧૦ લાખના ખર્ચે સર્જરી કરાવવુંઅશકય બની રહ્યું હતુ. જેથી તેઓને જીવન અને દર્દભર્યા જીવન વચ્ચે પીડા ભોગવવાનું જ પસંદ કરીને જીવન ગાળવાનું શરૂ કર્યું. પરંતુ દિવસે ને દિવસે ભરતની પીડામાં વધારો થતો ગયો. છેલ્લે તેમના એક મિત્રએ ગુજરાત સરકારની સરકારી હોસ્પિટલ અને તેમાં પણ ખાસ કરીને એશિયાની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલના સ્પાઇન સર્જરી વિભાગમાં આવી સર્જરી વિનામૂલ્યે શક્ય હોવાનું જણાવ્યું.

ભરતના પરિવારજનો વિનાવિલંબે ભરતને લઇને અમદાવાદ સિવિલ હોસ્પિટલ આવી પહોચ્યા. અહીં તેઓએ સ્પાઇન સર્જરી વિભાગના તબીબોનો સંપર્ક કર્યો. જયાં તબીબોએ રોગની ગંભીરતા પારખીને એક્સ-રે, સી.ટી.સ્કેન અને એમ.આર.આઇ.જેવા રીપોર્ટ્સ કરાવ્યા. આ રીપોર્ટ્સના આધારે સિનિયર તબીબ સહિત તમામે ભરતના રોગની ગંભીરતા અને જટીલતાનું અનુમાન લગાવ્યું.

આ રીપોર્ટસના આધારે ભરતના ગરદનનો પહેલો અને બીજા મણકો ખસી ગયેલ હોવાનું જણાઇ આવ્યું. જેને તબીબી ભાષામાં "એટલાન્ટો એક્સીઅલ ડીસલોકેશન" કહેવામાં આવે છે. આ પ્રકારની ઇજાની સર્જરી ખરેખર ખૂબ જ જટીલ હોય છે. કારણ કે આવા પ્રકારની સર્જરી દરમિયાન કરોડરજ્જૂના ભાગમાં પણ ઇજા થવાની સંભાવના રહેલી હોય છે.

આવા પ્રકારની સર્જરીમાં નિપુણ તબીબોના સંયુક્ત પ્રયાસે જ સર્જરી સફળ બને છે. જે માટે સિવિલ હોસ્પિટલના સ્પાઇન સર્જરી વિભાગના વડા ડૉ. જે.વી. મોદી અને તેમની ટીમે સ્પાઇન ફેલો ડૉ. સાગર, ડૉ. હર્ષિલ અને એનેસ્થેસિયા વિભાગ સહયોગથી આ સમગ્ર સર્જરી નિપૂણતાપૂર્વક પાર પાડી. સમગ્ર સર્જરી ૨ કલાક ચાલી હતી.આ સર્જરી દરમિયાન જાણવા મળ્યું કે,ગરદાનના મણકો મગજના ભાગ સુધી પહોંચ્યો હતો. જેના કારણે સર્જરી અતિગંભીર બની રહી હતી. આ સ્તરે સર્જરી દરમિયાન જીવનનું જોખમ પણ વધી ગયુ હતુ. જેથી ન્યુરોમોનીટરીંગ સાથે સમગ્ર સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી.

હાલ ભરતભાઇ સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તેમના ગરદનના મણકા પૂર્વવત થયા છે. તેઓ પહેલાની જેમ જ સરળતાથી હલન-ચલન કરવા સક્ષમ થયા છે.

સિવિલ હોસ્પિટલ સ્પાઇન વિભાગના વડા અને સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદીએ કહ્યું કે, સિવિલ હોસ્પિટલના સ્પાઇન સર્જરીથી લઇ અન્ય વિભાગોમાં રાજ્ય બહારથી પણ દર્દીઓ સારવાર અર્થે આવે છે. અમારા તબીબો દ્વારા તમામ દર્દીઓને સંપૂર્ણપણે સંતોષકારક સારવારનો અનુભવ થાય શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપ જ આજે રાજ્ય બહારથી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

ભરતના પરિવારજનોએ સર્જરી બાદ ભરતને સાજા થતા જોઇ હર્ષની લાગણી અનુભવી હતી. તેઓએ હર્ષભેર અને અશ્રુભરી લાગણીઓથી ગુજરાત રાજ્ય સરકાર અને સિવિલ હોસ્પિટલના તબીબોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેઓએ ગુજરાત રાજ્યમાં ઉપલબ્ધ થયેલ સ્વાસ્થ્ય સારવાર અને સહકાર બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનો પણ આભાર વ્યક્ત કરી સંતોષભાવ પ્રગટ કર્યો હતો.

-અમિતસિંહ ચૌહાણ

### માલપુર પૂર્વ ભાજપના મહિલા ધારાસભ્યની ધમકીનો આક્ષેપ

# ગરીબોના ઝુંપડા તોડવાની ધમકી મળતા બાળકો ઘર બચાવવા કલેકટર કચેરી બહાર ધરણા પર




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

માલપુર ગામના સ્મશાને જવાના રસ્તે કેટલાક ભરથરી પરીવારો વર્ષોથી વસવાટ કરે છે.ગ્રામ્ય વિસ્તારોમાં સારંગી વગાડીને ભિક્ષાવૃત્તિ કરી જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે થોડા સમય અગાઉ જગ્યા ખાલી કરી અન્ય સ્થળે સ્થળાંતર કરવા અને કાચા ઝુંપડા તોડી પાડવાની કેટલાક શખ્સોએ ધમકી આપતા ભરથરી પરીવારો ફફડી ઉઠ્યા હતા ત્યારે ભરથરી સમાજના પરીવારો બાળકો સાથે કલેકટર કચેરીએ ભજન-કીર્તન કરી ઝુંપડા બચાવવા વહીવટી તંત્ર પાસે મદદ માંગી હોવાની સાથે જગ્યા ખાલી કરવા પૂર્વ ભાજપના મહિલા ધારાસભ્ય ભીખીબેન પરમાર અને તેમના પતિ દ્વારા ઝુંપડા ખાલી કરી જગ્યા છોડી દેવા માટે ધમકી આપવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો

પ્રાપ્ત માહીતી અનુસાર,માલપુર ગામ ખાતે કેટલાક ભરથરી પરીવારો વર્ષોથી વસવાટ કરે છે,અહીંથી તહી ખસેડાતા આ પરીવારોને મોડે મોડે છાપરા બાંધવા તંત્ર દ્વારા સરકારી પડતરની જગ્યા ફળવાઈ હતી ત્યારે ફરીથી રંજાડ શરૂ થતા બાળકો સાથે કલેકટર કચેરીએ ધરણા કર્યા હતા ભરથરી પરિવારોના બાળકોની લાચારી જોઈ તંત્ર કે પૂર્વ ધારાસભ્ય અને તેમના પતિ તેમને ઝુંપડા ખાલી નહીં કરાવે તેવી આશાએ બાળકો પણ ન્યાયની માંગ માટે કલેકટર કચેરી પર ધરણા કર્યા હતા

માલપુર નગરમાં સ્મશાન જવાના રસ્તા પર રહેતા ભરથરી પરીવારના લોકોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે હરિઓમ સ્કૂલ ન હતી ત્યારે એ સ્થળ પર ભરથરી પરિવારો રહેતા હતા ત્યારે માલપુરના પૂર્વ મહિલા ધારાસભ્ય ભીખીબેન પરમારે ધારાસભ્ય હતા ત્યારે સત્તાનો દુરુપયોગ કરી સ્કૂલ બનાવવા સરકારી જમીન પરથી બળજબરી હટાવવામાં આવ્યા હતા અને સ્મશાન રોડ પર રહેવા જતા રહેવા ફરમાન કરતા બીચારા ૧૫ જેટલા ગરીબ પરિવારો ત્યારથી સ્મશાન વાળા રસ્તા પર ઝુંપડા બાંધી રહે છે

પરંતુ છેલ્લા કેટલાક સમયથી પુર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર અને તેમના પતિ માલપુર મામલતદાર કચેરીના અધિકારીઓને મોકલી જગ્યા ખાલી કરી દેવા ધમકી આપવાની સાથે ઝુંપડા તોડી પાડવાની અને જેલમાં પુરી દેવાની ધમકી આપવામાં આવતી હોવાના આક્ષેપ સાથે ન્યાયની માંગ કરી ભરથરી પરિવારોને કંઈપણ થશે તો જવાબદારી સરકારની રહેશે તેમ જણાવ્યું હતું

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.